સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ઘાસ-ચારો ખાઈને બુદ્ધિ બુઠ્ઠી થઈ ગઈ!
પરિવાર આખાની વાણી જુઠ્ઠી થઈ ગઈ!
ફસાયું છે લાલુનું ધણ કાયદાની ગૂંચમાં -
હતી હાથે સત્તા, પકડ બુઠ્ઠી થઈ ગઈ!

ખાઈ ગયા તે
ઘાસ, માલી બનીને -
વાવવું પડે!!
(કર્મ ફળ, અહી નું અહીં)

પૂંઠે રહીને -
કરે છે ભસભસ -
લાલુ-ગુલીયાં...
(સંતાનોનાં નિવેદન)

હાઈકુ

ચિંતન

પંણ્ડિતે ચૈવ મૂર્ખે ચ બલવત્યપિ દુર્જને ।
ઈશ્વરે ચ દરિદ્રે ચ મૃત્યોઃ સર્વત્ર તુલ્યતા ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પંડિત કે મૂર્ખ, બળવાન કે દુર્જન, ઈશ્વર (રાજા) કે દરિદ્ર - સૌ કોઈને માટે મૃત્યુ તો સમાન જ છે.

આજકાલ સામાન્ય જન, સાધુ-સંતો નેતાઓ, વેપારીઓ, ઈજનેર-ડોકટરો બધા ધન એકત્ર કરવામાં એવા મશગૂલ થઈ જાય છે જાણે તે લોકો 'અમર' છે. મૃત્યુ આવવાનું જ નથી એટલી બધી સંપત્તિ એકત્ર કરે છે. પોતાના આયુષ્ય દરમિયાન આ સંપત્તિનું શું કરશે એનો તો વિચાર જ કરતા નથી.

મૃત્યુ દરેક વ્યક્તિનો અંત છે જ.

સુવિચાર

- રાજાનો પાઠ ભજવ્યા પછી તરત પ્રજા થઈ જવું એનાથી મોટી ફકીરી કોઈ નથી - **જનકલ્યાણ**
- કોઈના સારા ન હોવાનો અભિપ્રાય સાચો હોય પણ સ્થાયી હોય એ આવશ્યક નથી - **સંત રોબિન**
- 'થાય તે કરી લેજો' નો બદલો 'થાય એ કરી દેજો' થી વાળીએ - **રીઝવાન ગોળવાલા**
- યોગદાન એ ચર્ચાનો વિષય નથી અને ચર્ચા કરવી પડે તો સમજવું કે આંખોએ બહેરાશ આવી છે - **વજુ કોટક**
- આજકાલ માહોલ એવો છે કે... ના કોઈને કાયદો પસંદ છે... ના કોઈને વાયદો પસંદ છે... બસ... બધાંને પોતાપોતાનો ફાયદો પસંદ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સફેદ વાળના નિસાસા અને કાળા વાળની નિરાશા એકઠા થાય ત્યારે સમયસર ચેતી જવું જરૂરી છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : સમુદ્રશોષના મૂળ ઊકાળીને પીવાથી હાથીપગામાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

માતંગ ઋષિ પશુપક્ષીઓ પ્રત્યે ખૂબ પ્રેમભાવ રાખતા. રોજ અધ્યયન તથા ઈશ્વર પ્રાર્થના બાદ પક્ષીઓ, ખીસકોલી વગેરે તેમની સાથે ખાસ રમવા આવતા. એકવાર પોપટ એમના ખભે બેઠા હતા અને ખીસકોલી એમના હાથમાંથી અવાજ ખાતી હતી. ત્યાં અનંત ઋષિ આવી પહોંચ્યા. તેમણે માતંગ ઋષિને કહ્યું, 'મહારાજ, આવા મોટા વિદ્વાન થઈ તમે બાળકોની જેમ આ પક્ષીઓ સાથે રમો છો ? તેનાથી તમારો સમય બગાડે છે આવું કેમ ચાલે ?' આવું સાંભળી માતંગ ઋષિ ઓસરીમાંથી ધનુષ લાવ્યા અને તેની દોરી ઢીલી કરી નાખી આ જોઈને અનંગ ઋષિ એ કહ્યું, 'મહારાજ આ શું કર્યું ?'

માતંગ ઋષિએ જવાબ આપ્યો, 'ઋષિવર, આપણું મન આ ધનુષ જેવું છે. જો ધનુષ પર દોરી તંગ બંધાયેલી હોય તો તેની મજબૂતી થોડા સમયમાં જતી રહે છે અને એ જલ્દી તૂટી જઈ શકે છે. પરંતુ ધનુષના ઉપયોગ સમયે જ જો એ દોરી ચડાવવામાં આવે તો એ સારું કામ આપે છે અને દોરી પણ વધુ સમય ટકે છે. આપણું મન પણ કંઈક આવું જ છે. કામ પછી જો મનને આરામ મળતો રહે તો તે વધુ મજબૂત બનશે, તેને સ્ફૂર્તિ મળશે અને તે લાંબા સમય સુધી એકાગ્ર રહી સારું કામ આપે છે.'

માતંગ ઋષિનો આવો ઉત્તમ જવાબ સાંભળી અનંગ ઋષિએ વંદન કર્યા.

ઉષ્માપૂર્ણ સંબંધો છતાં રાફેદ સોદો રદ

તંત્રીસ્થાનેથી...

ઈઝરાયલ દુનિયાની પવિત્ર ભૂમિ છે. બાઈબલમાં એનો બહુ જ મહિમા ગવાયો છે કારણ કે એ ભૂમિમાં તારણહાર ઈસાનું અવતરણ થયું હતું. આપણે મન અયોધ્યા કે મથુરા-ગોકુળ - વૃંદાવનનો મહિમા છે એમ ખ્રિસ્તી જગત માટે ઈઝરાયલનું મહત્ત્વ છે. પરંતુ મધ્યપૂર્વનો આ દેશ છેલ્લાં ઘણાં વર્ષોથી વિવાદાસ્પદ રહ્યો છે. યહૂદીઓના દેશમાં ઈંટનો જવાબ પથ્થરથી વાળવાનો રિવાજ છે. ઈઝરાયલની રણવગડાઉ જમીનને લીલી નાધેર કરવાનું કૌવત એની પ્રજામાં છે. એ જ રીતે શક્તિશાળી ઈસ્લામિક દુનિયા સામે ઝીંક ઝીલી એને પાઠ ભણાવવાની તાકાત પણ આ ટચૂકડા દેશે કેળવી લીધેલી છે. રાષ્ટ્રવાદનો પોપટપાઠ કરતા આપણા નેતાઓને સાચો રાષ્ટ્રવાદ કેવો હોયતે ઈઝરાયલ જ શીખવી શકે. બેન્જામિન શામોલ નેતન્યાહુ જેવા ખમતીધર નેતાએ ઈઝરાયલને આર્થિક રીતે પણ પગભર કરવાનો સંકલ્પ કર્યો છે. તેથી તેઓ ભારત જેવા મોટા બજાર સાથે રાફેલ સોદો રદ થયા પછી પણ ઉમળકાભર્યા સંબંધનો અહેસાસ કરાવી રહ્યા છે. રાફેલ સોદામાં શું રંધાયું હતું તે હવે કદાચ કયારેય બહાર નહીં આવે, પણ દાળમાં કંઈ કાળું જ ન હોત તો ફક્ત રાહુલ ગાંધીના પ્રશ્નોથી અકળાઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મબલક મહત્ત્વનો લશ્કરી સરંજામ સોદો રદ કરવાના આદેશ ન જ આપત. તીનમૂર્તિ ભવન સામેની ત્રિમૂર્તિ ઈઝરાયલની ઓળખ જોડીને વડાપ્રધાને ઈતિહાસનું એક વિસરાયેલું પાનું પુનર્મુદ્રિત કર્યું છે. ઈઝરાયલના સર્વોચ્ચ નેતાને ગુજરાતમાં નોતરીને ગુજરાતી વડાપ્રધાન વધુ આત્મીયતા દર્શાવવાનો જ પુરુષાર્થ કરી રહ્યા છે. દુનિયાની નજરે હાંસિયે નંખાયેલા નેતાને આવકારવા આવડા મોટા મહાસત્તાઓની સ્પર્ધા કરતા દેશના વડાપ્રધાન પ્રોટોકોલ તોડે છે ત્યારે એ જરા વધું પડતું લાગે છે, પણ એવો ઉમળકો દાખવીને તેમ જ એટલું મહત્ત્વ આપીને વડાપ્રધાન એક કાંકરે અનેક પક્ષીઓ પર નિશાન તાકી રહ્યા છે. એવડો ટચૂકડો, ટાંચાં સંસાધનોવાળો દેશ પોતાની પ્રજાના આત્મબળ અને દેશદાઝને લીધે મહાસત્તાઓને પણ આંખ બતાવે છે અને પોતાના સાર્વભૌમત્વની રક્ષા માટે એનો પ્રત્યેક નાગરિક પડતી બૂમે પ્રાણ પાથરવા તૈયાર રહે છે, તે કોઈ નાનીસૂની બાબત નથી. ખેતીપ્રધાન ભારત માટે ઈઝરાયલની ટપક સિંચાઈ પદ્ધતિ આદર્શ રોલ મોડેલ બની ચૂકી છે. જોકે સાંસ્કૃતિક સંદર્ભે આપણે એણના ગ્રામચેતનાના 'કિબુત્ઝ' મોડલનો કયારેક અપનાવી શકીએ એમ નથી. આપણે તો ગામડાંનો સર્વનાશ કરવાના શપથ લઈ બેઠા છીએ. શહેરો ફાલેફૂલે છે, ગામડાં અને ખેતી હાંસિયે ધકેલાતાં જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલી વડાપ્રધાનને ગુજરાતના સમૃદ્ધ અને ખેતી પર નભતા પ્રાંતિજ પંથકની મુલાકાત કરાવી આપણી વાસ્તવિકતા પર ઢાંકપિછોડો કરાવતા હોય એવું જ લાગે. એમની જૂની અને જાણીતી ટેવ મુજબ તેઓ ચીની અને જાપાની વડાપ્રધાનોની જેમ ઈઝરાયલના વડાપ્રધાનને પણ અમદાવાદ બતાવવાના છે - સૂંકી ભંઠ સાબરમતીને બે કાંઠે વહેતી કરી પ્રજાનું મન મોહી તેઓ અમદાવાદની બધી બેઠકો કબ્જે કરી શક્યા છે. ગુજરાતને 'મોડેલ સ્ટેટ' તરીકે નહીં સ્વીકારનારા કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીને તેઓ કદાચ વિદેશી મહેમાનના મોઢે જવાબ અપાવવા કૃતસંકલ્પ છે. સ્વાભાવિક છે કે મહેમાને તો યજમાનનાં શિરસ્તા મુજબ વખાણ જ કરવાં પડે. જો કે કયારેક ભારત યાસર અરાફાતા અને પેલેસ્ટાઈન મુદ્દે વિશ્વમત સાથે જોડાયેલું હતું એમાં ૧૮૦ ડિગ્રી નો ફરક આવ્યો હોત તો એમાં સમયને જ બળવાન ગણવો રહ્યો.

વતનથી વ્હાલ ખરું, પણ જીવ જેવું નહીં



નવાં કલેવર
નટવર હેડાઉ

ઘણા સમય પછી... હા કદાચ ઘણાં વર્ષો પછી... પોતાના ગામમાં...પોતાની જન્મભૂમિમાં... અંતિમ દિવસો વિતાવવા... અંતિમ શ્વાસ છોડવા... પોતાના પૂર્વજોની માટીમાં પોતાની જાતને ભેળવવા માટે એક ચકો અને એક ચકી આવ્યાં હતાં.

આહ...! પોતાનું ગામ ! જનની જન્મભૂમિ... વતનની માટીની કેવી ખુશ્બુ છે.' ચકાએ લાંબો શ્વાસ લીધો. અને કહ્યું 'ચાલ આ ધરતીને નત મસ્તક થઈ ધરતીની ધૂળને માથે ચઢાવ.'

'ના... આ આપણું ગામ નથી.' ચકીએ સંદેહ વ્યકત કર્યો.

'ધત્ ... ગાંડી રે... ગાંડી ! આપણા ગામને તું ઓળખતી નથી?'

'આ ઊંચી-ઊંચી ઈમારતો... કયાં છે પેલા માટીનાં ઘર ? ઘાસ અને નળીયાવાળા છાપરાં અને પક્ષીઓના માળા ?'

'અરે! ગાંડી ગાનો વિકાસ થયો છે.'

'પણ હવે માળા કયાં બનાવીશું ? મોટાં મોટાં વૃક્ષો કયાં છે ? અહીં તો કલમ કરેલા નાના નાના વૃક્ષો છે.'

'હં... ચકલો પણ જરા નિરાશ થયો. બંને ઉડી ઉડીને આખું ગામ જોવા લાગ્યાં.' ચકી બોલી 'જુઓ છો ને હવે અહીંયા કયાંક સાંજની બેઠક પણ થતી નથી. બધા પોતપોતાના ઘરમાં ઘુસી ગયાં છે.'

'હાં, આ શહેરીકરણનો પ્રભાવ છે.'

'અને આ નાનાં નાનાં કુટુંબો... ભાઈ-ભાઈ સાથે વાતચીત થતી નથી. કેવો તનાવપૂર્ણ પરિવેશ છે.'

'હં...'

સાંજે પંખીઓનો કલરવ કયાંક સંભળાતો નથી. કેવું ઉદાસીનતા ભર્યું વાતાવરણ છે. અહીં તો બિલકુલ સ્મશાનવત્ શાંતિ લાગે છે. મારો તો જીવ મુંઝાય છે.

ચકલા એ તેને ચૂપ રહેવા ઈશારો કર્યો. કોઈ વ્યક્તિ તેમની વાતચીત સાંભળી તેમને નિશાન બનાવવાની કોશિષ કરતો હતો.

તેઓ ડરી ગયાં. મનથી નિરાશ થઈ ગયાં.

બંને ઝટ દઈને નીચે ઉતર્યા. જમીનને માથાનો સ્પર્શ કર્યો. અને પછી ફૂરર... કરતાં ઊડી ગયાં. બહુ દૂર... દૂર....

પ્રેમની સુવાસ વિના જીવન-ઉપવન નકામું

ગુલમહોર
દિનેશ દેસાઈ

ગાંધીજીએ કહ્યું છે કે "જીવનમાં સદાચાર અને નિયમપાલન આપણને ઊર્ધ્વગતિએ લઈ જનારા પરિબળો છે." આપણા જીવનનો પાયો શીલ, સંયમ, સદાચાર અને નિયમપાલન ઉપર રહેલો છે. સત્ય અને અહિંસા ઉપર ગાંધીબાપુએ ભાર મૂક્યો છે. પ્રેમની સુવાસ વિના જીવન-ઉપવન સૂનું છે અથવા નકામું છે. તમને કોઈ લાડ કરે તો ગમે કે ન ગમે? બેશક ગમે જ. લાડ-પ્રેમ કદાચ માણસની મૂળભૂત અને પ્રાથમિક જરુરીયાત છે.

જ્યારે હૉલિવૂડની ફિલ્મોની ટૉપ-ટેનમાં પણ નંબર-વન હિરોઈન જેનિફર લૉરેન્સ (જ.તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૯૦) કહે છે કે "મારા માતા-પિતાના લાડભર્યા ઉછેરના કારણે મારે સંઘર્ષની સ્થિતિમાંથી પાર થવાનું આવ્યું નથી. પરંતુ જ્યારે જ્યારે મારે લાઈફમાં લવ ઍન્ડ ઈમૉશન્સ્ એડ કરવાનું આવ્યું ત્યારે ત્યારે ચોક્કસ હું સંઘર્ષની સ્થિતિમાંથી પસાર થઈ જ છું. ખરેખર પ્રેમ તમને જિંદગીમાં ઘણું બધું શીખવી જાય છે, મળે ત્યારે પણ અને ના મળે ત્યારે પણ."

જેનિફર લૉરેન્સે કબુલ કરેલું છે કે તેને બે વાર બ્રેક-અપની અસહ્ય સ્થિતિમાંથી ગુજરવું પડ્યું હતું. હવે તે સાચો પ્રેમ પામીને શેટલ્ડ હોવાનું કહી રહી છે. સને ૨૦૧૬ની દુનિયાની મૉસ્ટ હાઈએસ્ટ-પેઈડ ઍક્ટ્રેસ તરીકે જેનિફર લૉરેન્સનો રેકૉર્ડ છે. તેની ફિલ્મનો વર્લ્ડવાઈડ બિઝનેસ એવરેજ ૫ બિલિયન યુ.એસ. ડૉલર થાય છે. તે સૌથી ઓછી ઉંમરની અભિનેત્રી તરીકે પણ એવો રેકૉર્ડ સ્થાપિત કરી ચુકી છે કે જેને માત્ર ૨૬ વર્ષની ઉંમરમાં જ ચાર-ચાર વખત એકેડમી ઍવૉર્ડ નૉમિનેશન મળ્યું હોય.

પુરુષ માટે પ્રેમ કદાચ સહજ બાબત છે પરંતુ સ્ત્રી માટે પ્રેમ એ લાઈફનો મૉસ્ટ ઈમ્પૉર્ટન્ટ ટર્નિંગ પૉઈન્ટ છે. સ્ત્રી માટે પોતાના મનોવિશ્લેષણની જાણે થૉટ-પ્રૉસેસ છે. સ્ત્રી સહેલાઈથી કોઈના પ્રત્યે આકર્ષાતી નથી કે જલદીથી કોઈ પ્રત્યે પ્રેમ વ્યક્ત પણ કરતી નથી. સ્ત્રી માટે પ્રેમ એ 'ચેલેન્જ ઑફ હાર્ટ' છે. સ્ત્રી લાંબુ વિચારે છે. કદાચ તેને કોઈ પુરુષ ગમી જાય તો પણ જલદીથી પ્રેમનો માર્ગ પસંદ કરતી નથી.

કદાચ પ્રેમના પ્રસ્તાવની પહેલ પુરુષે કરવી પડે છે. આજે તો લવ-

> **પોતાની જાતને પ્રેમ કરતાં શીખી જવાય એટલે આપોઆપ બીજી વ્યકિત પ્રત્યે પ્રેમ થાય છે. કોઈ મનગમતી વ્યક્તિ સાથે એક એવી ક્ષણ આવે છે કે ત્યારે અલપઝલપ મુલાકાતમાં જ એ વ્યકિત માટે મેજિક-ફિલિંગ્સ્ થાય છે.**

સીન સિનેમાથી આગળ વધીને ટેલી-સિરિયલ્સ્ સુધી એવો લંબાઈ ગયો છે કે ટીનેજર્સ હોય કે મેચ્યૉર્સ — ભરબપોરે પણ સપનાં જોઈ લે છે. આજે લગ્ન-વયમાં પ્રવેશેલી કન્યાને કે લગ્નોતેસુક યુવકને પોતાની ન્યાત યા જ્ઞાતિમાંથી જ લગ્ન કરવાનું કહેવામાં આવે તો તેઓ પરગ્રહની વાત સાંભળતા હોવાનું ફિલ કરે છે. તેમની પાસે હવે મુનશી કે મેઘાણીના સમયના જવાબની આશા રાખવી વ્યર્થ છે.

આજના ટીનેજર્સ કે યંગસ્ટર્સ કહે છે કે "માય લાઈફ, માય ચૉઈસ, માય રૂલ્સ્. જ્યારે મારી ઉંમર લગ્ન કરવા યોગ્ય થશે ત્યારે હું મારી ચૉઈસથી મૅરેજ કરીશ." આજના જમાનાની આ તાસીર છે.

પ્રેમ નામની ફિલિંગ્સ્ સાવ સહેલી અને સરળ પણ છે, તો આ ફિલિંગ્સ્ સમજવામાં જિંદગી પણ ખર્ચાઈ જતી હોય છે. એક પ્રકારના લોકો માને છે કે પ્રેમ કરવો સહેલો છે. બીજા પ્રકારના લોકો પ્રેમને અટપટો અને અઘરો ગણાવે છે. ત્રીજા પ્રકારના લોકો સમજે છે કે દુનિયામાં પ્રેમ જેવું કશું જ નથી અને માત્ર વિજાતિય આકર્ષણ જ છે. ચોથા પ્રકારના લોકો એમ માને છે કે પ્રેમ હંમેશા તકલીફ જ આપે છે. પ્રેમમાં મિલન અને વિરહ વચ્ચે જિંદગી શટલ-કૉકની જેમ અથડાયા કરે છે, અટવાયા કરે છે.

પ્રેમ એટલે શું? બૉલિવૂડની સિનેમા "કર્ઝ"માં ઍક્ટર રિષિ કપુર (સ્વર-કિશોરકુમાર) ગાય છે કે "વો ના કહે તો ખુદકુશી કર જાઉંગા મૈં યારો, વો હા કહે તો ખુશી સે મર જાઉંગા મૈં યારો..." પ્રેમનો એકરાર કેટલો માદક અને ઘાતક છે એ સમજવા માટે પણ પ્રેમ થવો જોઈએ. પ્રેમ જીવાડે પણ છે અને પ્રેમ મારી પણ નાખે છે. "મારી નાખે..." એ નેગેટિવ મેનરમાં નહીં. પ્રેમની અનુભૂતિ માણસને આખેઆખો બદલી નાખે છે. માણસ પહેલા જેવો હતો, એવો રહેતો નથી. એનામાં પ્રેમની પાવક જ્યોત પ્રજ્વલિત થાય છે. એના રોમ-રોમમાં પ્રેમની ઊર્જાનો સંચાર થાય છે. પ્રેમની ઊર્જા વ્યક્તિને ખરા અર્થમાં જીવાડી જાય છે.

પોતાની જાતને પ્રેમ કરતાં શીખી જવાય એટલે આપોઆપ બીજી વ્યકિત પ્રત્યે પ્રેમ થાય છે. કોઈ મનગમતી વ્યક્તિ સાથે એક એવી ક્ષણ આવે છે કે ત્યારે અલપઝલપ મુલાકાતમાં જ એ વ્યકિત માટે મેજિક-ફિલિંગ્સ્ થાય છે. પ્રેમનો ઉભરો બહાર નીકળી આવે છે. સ્ત્રી જ્યારે પ્રેમ કરે છે ત્યારે એમાં સંપૂર્ણતા આવી જાય છે. પુરુષ જ્યારે સ્ત્રીને ચાહવા લાગે છે ત્યારે તેનું પ્રમુખ કારણ ફક્ત બાહ્ય આકર્ષણ જ હોય છે. ટૉટલ-લવ અથવા ડીવાઈન-લવ એ તો પછીના ક્રમે આવે છે. જ્યારે સ્ત્રી પ્રથમથી જ ટૉટલ-લવની ફિલિંગ્સ્ રાખે છે. (૧) સ્ત્રીના માનસને, (૨) (૨) પ્રેમમાં પડેલી સ્ત્રીના માનસને તથા (૩) પ્રેમ થયા પછી લગ્ન કરનારી સ્ત્રીના માનસને પુરુષ કદી સમજી શકતો નથી. આ બાબતને સમજીએ કે એમાં એક રેખાના પ્રારંભિક, મધ્યમ અને અંતિમ બિંદુ જેટલો ફરક છે. આવી રેખા આમ તો સીધી જ દેખાતી હોય છે. પરંતુ દરેક બિંદુ ઉપર સ્ત્રીની માનસિકતા અલગ અલગ હોય છે.

સ્ટોપર :

"પગમાં પડી રહો તો કોઈ પુછતું નથી,
દુનિયાના લોક કાપે છે ફક્ત ઊડતા પતંગને"

- બાલુભાઈ પટેલ

અઢારે એડલ્ટ...!! લાઈસન્સથી લગન અને મોબાઈલથી મતદાનનો સ્વતંત્ર હવાલો...!!

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

'ઐસા પહલી બાર હુઆ હૈ સતરા અઠરા સાલોં મેં, અનદેખા અંજાના કોઈ આને લગા હૈ ખયાલોં મેં...' દિલવાલે દલ્હનિયા લે જાયેંગે ફિલ્મમાં સાડા સત્તર વર્ષની કાજોલ એની મમ્મીને આવું કહેતી હતી ત્યારે બહુ નવાઈ લાગેલી... કોઈ દિલમાં આવીને ટકોરા મારે છે એવું વરસાદમાં પલળીને મમ્મીને કહેવું એટલે કંઈક મજાક થોડી છે? આજે જેઓ ૩૫-૩૬ વર્ષના છે તેઓ ત્યારે ૧૭-૧૮ વર્ષનાં હતા. આટલા વર્ષોમાં દુનિયા કેટલી બદલાઈ ગઈ ને? સચિન રિટાયર થઈને કોહલીનો સૂર્ય તપે છે... આ બધું થવાની સાથે આજે એક આખી પેઢી યુવાન થઈ રહી છે...

યસ, ૨૦૧૮નું વર્ષ એટલે કે આ મિલેનિયમનું કેલેન્ડર વર્ષ યુવાન થઈ રહ્યું છે. ભૂતકાળનો ભાર ઓછો અને ભવિષ્યનો અભાવ ઓછો એવા આ વર્ષ સાથે એક આખી પેઢીને પણ અઢારમું વર્ષ લાગી રહ્યું છે. કરિયરના વર્ષને ટાર્ગેટ કરી વિખ્યાત થવા માટે તો કોઈ કુમળી છોકરી-છોકરાને લઈને ભાગી જવાનું આ અઢારમું વર્ષ છે... ૨૦૧૮નું વર્ષ એ તો એક આખી પેઢીને એડલ્ટ બનાવવા જઈ રહ્યું છે. 'જે વર્ષ ચાલે છે એટલી જ મારી ઉંમર છે.' આવું કહેવાની તક કઈ બધાંને થોડી મળે છે? આ નવા શતકમાં જન્મેલા એટલે કે બે હજારની સાલમાં જન્મેલાની પ્રથમ એડલ્ટ બેચ છે. આ શતકની સૌ પ્રથમ સિનિયર એડલ્ટ બેચ !

અઢારમાં પ્રવેશ કરતી આ બેચ હવે માથું ઊંચું કરી એડલ્ટ ફિલ્મ જોવા જઈ શકશે. એટલે આ પહેલા ડોરકિપર આઈકાર્ડ માંગતો હતો કે પૂછપરછ કરતો હતો એમ નહીં પણ હવે ઑફિશીયલી એન્ટ્રી લઈ શકશે ! ગિયરની મોટરસાઈકલ લઈને કૉલેજ જતી આ જનરેશન પોલીસ મામાને દૂરથી જોતાં જ નજીકની ગલીમાં વળી જતા હતા, હવે એમને ભાગી જવાની જરૂર નહીં પડે, કારણ કે અઢાર થયાં એટલે પાક્કુ લાઈસન્સ મળશે ! અત્યાર સુધી મમ્મી-પપ્પાના નખ પર મતદાનની શાહી જોઈને જીવ બાળતાં આ ક્યુટ્સને આ વર્ષે ઑફિશીયલી મતદાનનો અધિકાર મળશે !

> **એ તો તૈયાર જ છે મદદ કરવા માટે,**
> **બસ અર્જુન સમો વિષાદ હોવો જોઈએ.**
> **અથમા અઢાર અધ્યાય નથી ગીતાના,**
> **બે વચ્ચે મૌન નહિ સંવાદ હોવો જોઈએ!**
> **- ડૉ. હિતેશ પટેલ 'હિત'**

છોકરી જો અઢાર વર્ષની થશે તો એને લગ્નનો અધિકાર મળશે. બેંકમાં પોતાના નામનું સ્વતંત્ર એકાઉન્ટ પણ ખોલી શકાશે. પોતાના નામ પર પ્રોપર્ટી પણ લઈ શકશે. ઈનશોર્ટ માઈનોર ચાઈલ્ડ હવે એડલ્ટ ચિલ્ડ્રન બનશે. કાયદા પ્રમાણે ઘણીબધી સ્વતંત્રતા મળવા લાગશે. અત્યાર સુધી મા-બાપને નામે મોબાઈલ લેવો પડતો હતો, હવે પોતાના નામે સિમકાર્ડ પણ મળી શકશે !

મોટા ભાગે છોકરો-છોકરી અઢારના થાય એટલે પેરેન્ટસ સાથે છત્રીસનો આંકડો થઈ જાય છે. એક તો બારમા ધોરણ સુધી ભણવાનું પ્રેશર, ગોખણપટ્ટી સાથે મન અને બુદ્ધિના પ્રેશરકુકરમાં ગરમ વરાળ દબાયેલી હોય છે, દસમું-બારમું અને કૉલેજ એડમિશનની સિટી જો બરાબર વાગી તો ઠીક, નહીં તો મનમાં દબાયેલો ગુસ્સો - અજંપાનો સેફટી વાલ્વ ગમે ત્યારે ફાટી પડે છે !

એકબાજુ અઢારનું આકાશ ખૂલી જાય છે તો બીજી તરફ ઘરેથી લેવી પડતી પરમિશન પરેશાન કરે છે. યુવાનીની પાંખો ફૂટે છે અને ઘરના એને પાંજરામાં પુરવા માંગે છે, સરવાળે બંને વચ્ચે તું-તું-મેં-મેં શરૂ થઈ જાય છે. ડ્રાઈવીંગ અને ડેટીંગની મજાની સાથોસાથ અનેક 'એફ' પિકચરમાં આવે છે. ફન, ફુડ, ફૅશન, ફિલ્મ, ફ્રેન્ડ્સ અને ફૅસબુક... આ બધાની સાથે એજ્યુકેઓશન સેન્ડવીચ ના થાય તો ગંગા નાહ્યા !

અઢારને ઉંબરે પહોંચેલી આ મિલેનિયમની પ્રથમ પેઢી સીધી જ ડિઝિટલ યુગમાં આવી છે એટલે ઈન્ટરનેટ એમને ગળથૂથીમાં પાયેલું છે એમ કહી શકાય. આ લોકોનું ફ્રેન્ડ સર્કલ પણ જરા અલગ છે. એટલે ગુગલ આમનાં કરતાં માત્ર બે વર્ષ મોટું ! આમના કાનમાં સતત વાગતું રહેતું એમ.પી.થ્રી પ્લેયર માત્ર ત્રણ વર્ષ મોટું. આમ તો હેરી પોટર પર માત્ર ત્રણ જ વર્ષ મોટો! આ પેઢી જયારે કે.જી.માં એટલે કે ૨૦૦૪માં હતી ત્યારે જી-મેલ, ફૅસબુક અને ઑરકુટનો જન્મ થયો. એમાં ઓરકુટનું બાળમરણ થઈ ગયું. યંગસ્ટર્સનું ફેવરીટ યુ-ટયુબ આમનાં કરતાં પાંચ વર્ષ નાનું તો ટ્વિટરની ચકલી એનાથી પણ એક વર્ષ નાની !

આમ તો ૨૦૦૭માં આવેલો આઈફોન આમનો દૂરનો મિત્ર ખરો, આકર્ષણ બહુ પણ લાવી કોણ આપે ? અને આ વોટ્સએપ તો કંમ્પલીટ નવ વર્ષ નાનું, પણ છતાંયે અત્યારે એ સૌનું પાક્કું ફ્રેન્ડ! બાકી આ ઈન્સ્ટા-સ્નેપચેટ વગેરે તો દસ-અગિયાર વર્ષ નાના અને છતાંય આ અઢારની ગેંગે એમને અપનાવી લીધા છે! આ લોકોને આ મોબાઈલની બધી લીલા-ફિચર્સ ફટાક લઈને ખબર પડી જાય છે. જે એમના મા-બાપ કે શિક્ષક એટલું સહેલાઈથી કરી શકતા નથી!

અઢારે પહોંચેલી જનરેશનના મા-બાપ નવા મોબાઈલના ફિચર્સના મામલે 'ઢૂંઢો ઢૂંઢો રે સાજના ઢૂંઢો...'ની રમત રમતાં જોવા મળે છે અને એ સ્વાભાવિક છે. કારણ કે તેઓ જયારે ૧૮ના થયેલા એટલે કે ૮૦-૯૦ના જમાનામાં કોમ્પ્યુટર તો બહુ દૂરની વાત હતી જયાં લેન્ડ લાઈન ફોન હોવો એ પણ અમીરીની નિશાની હતી. આજે મોબાઈલ નેટ પરથી રિચાર્જ થાય છે ત્યારે એસ.ટી.ડી. ફોન કરવો હોય તો ઘરથી દૂર પીસીઓ બૂથમાં જઈને લાઈનમાં નંબર લગાડવો પડતો! ઓછા રૂપિયામાં વાત કરવા રાત્રે દસ-અગિયાર વાગે બુથ પર પહોંચવું પડતું.

આજે મોબાઈલમાં હોસ સ્ટાર, વ્હુટ, યુ-ટ્યુબ વગેરે છે અને મરજી થાય ત્યારે જે જોવું હોય, જયારે જોવું હોય એ ટીવી જોઈ શકાય છે. ગેમ ઑફ થ્રોન સિઝન રિલીઝ થાય અને અહીં એ એ ડાઉનલોડ કરીને જોઈ શકાય છે. આમના મમ્મી-પપ્પા-શિક્ષકની પેઢીને એકમાત્ર દૂરદર્શનનો બ્લેક

અનુસંધાન પાના નં. ૭ પર